



Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર Mo- 9016924808 સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 08,(SURAT), DATE-13/08/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૦૮, (સુરત), તા.૧૩/૦૮/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલઘરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 સુરત જિલ્લા ગ્રામ્ય એલસીબી પોલીસ દ્વારા માંડવીના વીરપોર ખાતેથી શ્રાવણિયો જુગાર રમતા પાંચને ઝડપી પાડ્યા- એક વોન્ટેડ

3 રીબડામાં પેટ્રોલ પંપ પર ફાયરિંગ કરાવનાર હાર્દિક સિંહ જાડેજા કેરળથી ઝડપાયો

4 બારડોલી અભયમ ટીમ દ્વારા 'વિશ્વ સ્તનપાન સપ્તાહ' ઉજવણી દરમ્યાન ૧૮૧ અભયમ મહીલા હેલ્પલાઇનની માહિતી આપી


## મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં

# સુરત જિલ્લાના માંડવી ખાતે ભગવાન બિરસા મુંડાની ૧૫૦ મી જન્મજયંતિ વર્ષની ગૌરવભરી ઉજવણી કરવામાં આવી








**માંડવી- દક્ષેશ પટેલ, રિપોર્ટર-** માંડવીના તાપી રિવરફ્રન્ટ ખાતે આયોજિત સમારોહમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા રાજયના ૧૪ આદિજાતિ જિલ્લાઓમાં અમલીકૃત વિવિધ યોજનાઓમાં રૂ.૨૭૮ કરોડના ૧૨૪૦ વિકાસકામોનું ખાતમુહુર્ત તથા રૂ.૨૦૦ કરોડના ૧૨૮૨ કામોનું લોકાર્પણ કરી કુલ રૂ.૪૭૯ કરોડના ૨૫૨૨ વિકાસકામોની ભેટ આપી હતી. સાથોસાથ રાજયના ૬,૨૦,૮૪૬ આદિજાતિ લાભાર્થીઓને રૂ.૧૨૫ કરોડના વ્યક્તિલક્ષી યોજનાકીય લાભોનું વિતરણ કર્યું હતું. તેમણે આદિજાતિ યોજનાઓના લાભાર્થીઓને યોજનાકીય લાભ અને કીટ વિતરણ તેમજ રમતગમતમાં વિશેષ સિદ્ધિ મેળવનાર રમતવીરોને પ્રશસ્તિપત્ર એનાયત કરી સન્માનિત કર્યા હતા.

આ પ્રસંગે સાંસદ પ્રભુભાઇ વસાવા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભાવિનીબેન પટેલ, ધારાસભ્ય શ્રી સંદિપ દેસાઈ, આદિજાતિ વિકાસ વિભાગના અગ્ર સચિવશ્રી શાહમીના હુસૈન, જિલ્લા કલેકટરશ્રી ડો.સૌરભ પારધી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી શિવાની ગોયલ, જિલ્લા પોલીસ વડાશ્રી હિતેષ જોઈસર, તા.પંચાયત પ્રમુખશ્રી દિલીપ ચૌધરી, નગરપાલિકા પ્રમુખશ્રી નિમેષ શાહ, પદાધિકારી-અધિકારીઓ, વિશાળ સંખ્યામાં આદિજાતિ ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## બારડોલી વાંકાનેર મંદિરમાં ત્રિ-સ્વામિનારાયણ દિવસીય પારાયણ યોજાયું



**બારડોલીઃ** બારડોલીના વાંકાનેરગામે આવેલા બાપ્સ સંચાલિત સ્વામિનારાયણ મંદિર ખાતે ત્રિ-દિવસીય પારાયણ યોજાયું હતુ. આશરે ૧ હજારથી વધુ હરિભક્તોની પારાયણમાં ઉપસ્થિતિને સારંગપુરના સંત અને ગોલ્ડ મેડાલિસ્ટ ભક્તિસાગર સ્વામી દ્વારા સંબોધિત કરાતા શ્રીમદ્ ભગવતગીતાના મર્મ અને તેનું જીવનમાં પ્રયોગ આધારિત પ્રેરણાદાયી માર્ગદર્શન અપાયું હતું.

તેમણે અર્જુનના વિષાદને શ્રીકૃષ્ણ એ જે રીતે દૂર કર્યો તેની પ્રેરક વાતો કરી મનુષ્યે હંમેશા પ્રભુનું શરણ લેવું જોઈએ મુજબ બોધ આપ્યો હતો. ભગવાનના શરણનું બળ રાખવાથી સંકટ દૂર થાય છે મુજબ કહ્યું હતું. તેમણે વધુમાં ગીતાના સાર રૂપ ઉપદેશ મામેકમ શરણમ વ્રજહ સમજાવ્યું હતું. આ પ્રસંગે કોઠારી સ્વામીએ પ્રવચન કર્યું હતું. ધ્યાનજીવન સ્વામીના સુંદર આયોજનને અંતે વાંકાનેર મંડળના સંચાલકે આભાર વ્યક્ત કર્યો હતો.

## તાપી કે તારે પ્રોજેક્ટઃ તાપીના ૩૮ આદિવાસી વિદ્યાર્થીઓ ઇસરોના ૩ દિવસના પ્રવાસે રવાના



-તાપી કે તારે પ્રોજેક્ટ હેઠળ ISRO ના શૈક્ષણિક પ્રવાસે જઈ રહેલા ૨૮ આદિવાસી બાળકો સુરત એરપોર્ટ પરથી રવાના થયા હતા. આ બાળકો તાપી જિલ્લાની ૧૫ સરકારી શાળાઓના વિજ્ઞાન વિભાગના વિદ્યાર્થીઓ છે, જે ૧૦ થી ૧૩ ઓગસ્ટ દરમિયાન શ્રીહરિકોટા સ્થિત ઈસરોના સેટેલાઈટ લોન્ચિંગ સેન્ટરની મુલાકાત લેશે. આ દરમિયાન તાપી જિલ્લાના પ્રભારી મંત્રી મુકેશ પટેલે તેમની સાથે વાત કરી પ્રોત્સાહન આપ્યું હતું.

બાળકોની પહેલી હવાઈ મુસાફરી હોવાથી તેઓ ખુબ જ ઉત્સુક જોવા મળ્યા હતા. આ પ્રોજેક્ટ તાપી જિલ્લા વહીવટીતંત્ર અને આદિવાસી વિકાસ વિભાગ દ્વારા ૧વિજ્ઞાન સેતુ- તાપી કે તારે હેઠળ યોજાયેલ છે. આ પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓ ચેન્નઈના પ્લેનેટેરિયમ અને ઝુઓલોજિકલ પાર્કની મુલાકાત પણ લેશે.

## ઉમરપાડાના વડગામ ખાતે નેચરલ ફર્મિંગ અંતર્ગત પ્રાકૃતિક કૃષિ અંગે તાલીમ યોજાઇ



**માંડવી- દક્ષેશ પટેલ,રિપોર્ટર-** રાજયસરકાર દ્વારા રાજય સહિત સમગ્ર સુરત જિલ્લામાં પ્રાકૃતિક કૃષિને વેગવંતી બનાવવા ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડની રચના કરવામાં આવી છે.

જે અંતર્ગત જિલ્લા આત્મા પ્રોજેક્ટ દ્વારા ઉમરપાડા તાલુકાના વડગામ ખાતે નેચરલ ફર્મિંગ અંતર્ગત પ્રાકૃતિક કૃષિ અંગે તાલીમ યોજાઇ હતી. આ તાલીમમાં કૃષિ સખી અને કોમ્યુનીટી રિસોર્સ પર્સન દ્વારા ખેડૂતોને ઓછા ખર્ચે થતી પ્રાકૃતિક કૃષિ માંથી થતાં અનેક ફાયદા વિષે માહિતગાર કરવામાં આવ્યા હતા. ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના પાંચ આયમો વિશે સમજૂતી આપી પ્રાકૃતિક ખેતી કરવા પ્રોત્સાહન અપાયું હતું.

## બારડોલીના પ્રખ્યાત સ્ત્રીરોગ નિષ્ણાત ડો. કલાબેન પટેલનું નિધન

# જનતા હોસ્પિટલના સંચાલક અને ડો. દયારામભાઈ પટેલના પત્ની, લાંબા સમય સુધી સ્ત્રીઓના સ્વાસ્થ્ય માટે કાર્યરત રહ્યા





બારડોલી- બારડોલીના જાણીતા સ્ત્રીરોગ નિષ્ણાત અને જનતા હોસ્પિટલના સંચાલક ડો. કલાબેન દયારામભાઈ પટેલનું અવસાન થયુંછે.તેઓ બારડોલી સુગર ફેક્ટરીના સ્થાપક અને દક્ષિણ ગુજરાતની હરિયાળી ક્રાંતિના સર્જક ડો. દયારામભાઈ પટેલના પત્ની હતા.

ડો. કલાબેને જનતા હોસ્પિટલ, બારડોલી ખાતે લાંબા સમય સુધી સ્ત્રીઓના સ્વાસ્થ્ય માટે સેવાઓ આપી હતી. તેમની અંતિમ યાત્રા તેમના નિવાસસ્થાનેથી નીકળી અને બારડોલી સ્મશાન ભૂમિ ખાતે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા.

તેમના પરિવારમાં પુત્ર ડો. અપૂર્વ પટેલ છે, જેઓ રાષ્ટ્રપતિ સુવર્ણચંદ્રક વિજેતા અને અણુવિજ્ઞાનના નિષ્ણાત છે. તેમની પુત્રી ડો. ઉર્વી દેસાઈ જનતા હોસ્પિટલ સાથે સંકળાયેલા સમાજસેવી છે.

ડો. કલાબેન તેમના સાદગીભર્યા વ્યક્તિત્વ અને સમાજસેવાના કાર્યો માટે જાણીતા હતા. તેમણે સ્ત્રીઓના સ્વાસ્થ્ય ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.

## ભાઈ-બહેનના નિઃસ્વાર્થ પ્રેમના પવિત્ર પર્વ રક્ષાબંધન







ભાઈ-બહેનના નિ:સ્વાર્થ પ્રેમના પવિત્ર પર્વ રક્ષાબંધન નિમિત્તે #ABVPBardoli ના કાર્યકર્તાઓ દ્વારા સુરક્ષા કર્મી, પોલિસ કર્મી અને અગ્નિશામક દળ સાથે રક્ષાબંધન ની ઉજવણી કરવામાં આવી


## વાઘેચા ખાતે વિનામૂલ્યે આયુર્વેદ સર્વરોગ નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ



તા. ૧૧/૦૮/૨૦૨૫, સોમવારના રોજ નિયામકશ્રી, આયુષની કચેરી, ગાંધીનગર પ્રેરીત અને જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી સુરતનાં માર્ગદર્શન હેઠળ, ડીવાઇન લાઇફ કેર ફાઉન્ડેશન બારડોલી ના સહયોગથી જી. પં. આયુર્વેદ દવાખાનું ભામૈયાના મેડિકલ ઓફિસર ડો. તારક અધ્વર્યુ દ્વારા શ્રી વાઘેશ્વર મહાદેવ મંદિર, વાઘેચા ખાતે વિનામૂલ્યે આયુર્વેદ સર્વરોગ નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ.

જેમાં ભામૈયાના મેડિકલ ઓફિસર ડો.તારક અધ્વર્યુ અને કાકરાપારના મેડિકલ ઓફિસર ડો. શ્રેયસ અધ્વર્યુએ સેવા આપી હતી. કેમ્પ માં ડિવાઈન લાઇફ કેર ફાઉન્ડેશન ના સંસ્થાપક ડો. રાજેશભાઇ અધ્વર્યુ ઉપસ્થિત રહ્યા હતા.

લાભાર્થીઃ ૧. કેમ્પ લાભાર્થી - ૧૨૬, ૨. આયુષ પ્રચાર પ્રસાર લાભાર્થી - ૧૬૮

Date-13/08/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## સુરત જિલ્લાના માંડવીના ખંજરોલી ગામે કદાવર દીપડો પાંજરે પુરાયો

**માંડવી- દક્ષેશ પટેલ, રિપોર્ટર-** માંડવી તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં છેલ્લા કેટલા દિવસથી દીપડાના આટાં ફેરાની ચર્ચાએ જોર પકડયું હતું. અને અવરનવર મરઘાનો શિકાર કરતો હોવાથી લોકોમાં ભયનો માહોલ છવાયો હતો. જેના પગલે વન વિભાગ દ્વારા દસ દિવસ પહેલા ગામના ખેડૂત રીપલ પટેલના ખેતર નજીક પાંજરુ



ગોઠવ્યું હતું. અને રાત્રે ૧૦:૦૦ વગ્યાની આસપાસ શિકારની શોધમાં આવેલો કદાવર દીપડો પાંજરામાં કેદ થયો હતો. આ અંગેની જાણ ગ્રામજનો થતાં દીપડો જોવા લોકોના ટોળે ટોળાં ઉમટી પડયા હતા. જોકે દીપડો પાંજરે પુરાતા ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. માંડવી વન વિભાગે પાંજરે પુરાયેલા દીપડાનો કબજો લઈ ગાઢ જંગલમાં છોડવાની કાર્યવાહી હાથ ધરી હતી.

## સુરત જિલ્લા ગ્રામ્ય એલસીબી પોલીસ દ્વારા માંડવીના વીરપોર ખાતેથી શ્રાવણિયો જુગાર રમતા પાંચને ઝડપી પાડ્યા- એક વોન્ટેડ



**માંડવી- દક્ષેશ પટેલ, રિપોર્ટર-** સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમ વીર સિંહ અને નાયબ પોલીસ મહનિરીક્ષક હિતેશકુમાર જોઈસર ના આદેશ અનુસાર સુરત ગ્રામ્ય જિલ્લામાં ગેરકાયદેસર પ્રોહિબિશન અને જુગારની પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

એલસીબી સુરત ગ્રામ્યના પોલીસ ઇન્સ્પેક્ટર આર.બી. ભટોળે અલગ-અલગ ટીમો બનાવી પેટ્રોલિંગમાં હતા. પોલીસ સબ ઇન્સ્પેક્ટર એચ.સી.મસાણી અને એલસીબી શાખાના અ.હે.કો. દિનેશભાઈ કાનજીભાઈ તથા અ.પો.કો અક્ષયભાઈ શંકરભાઈ, નરેશભાઈ હીરાભાઈ પોલીસ કર્મચારીઓને ખાનગી બાતમી મળી હતી કે માંડવી તાલુકાના વિરપોર ગામની સીમમાં આવેલા ગ્રીન વુડ વીલા ફાર્મ હાઉસના મકાન નંબર ૬૬માં તીનપત્તીનો શ્રાવણીયો જુગાર એક ઈસમ રમાડી રહ્યો છે.

આશિષભાઇ રમેશભાઇ ખુંટે આ મકાન ભાડે રાખીને અન્ય લોકોને જુગાર રમવા માટે બોલાવ્યા હતા.

પોલીસે બાતમીના આધારે રેઇડ કરતાં સ્થળ પરથી પાંચ આરોપીઓને પકડી પાડ્યા હતા. જેમાં કુલ રૂપિયા ૪,૯૩,૫૪૦ નો મુદ્દા માલ જપ્ત કર્યો હતો. અને ફાર્મ હાઉસ ના મેનેજમેન્ટ કરનાર ગૌતમ વઘાસિયા રહેવાસી કામરેજ જુગાર રમવા માટે મકાન ભાડે આપતો હતો તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. અને આગળની કાર્યવાહી હાથ કરવામાં આવી છે.

## બારડોલી બી.એ.બી.એસ. સ્કૂલની કારોબારીમાં બબાલ, ઉપપ્રમુખ ઠરાવ બુક લઈ જતા ફરિયાદ

બારડોલી- બારડોલીની જાણીતી બી.એ.બી.એસ. હાઈસ્કૂલમાં સંચાલક મંડળની કારોબારી સમિતિની બેઠક દરમિયાન ગરમાગરમી થઈ હતી. ઉપપ્રમુખ દેવર્ષિ જોશી અને ટ્રસ્ટી અજય અધ્વર્યુએ બેઠકને ગેરકાયદેસર ગણાવી વિરોધ કર્યો હતો. આ બોલાચાલી દરમિયાન, દેવર્ષિ જોશીએ એક કારોબારી સભ્ય પર પાણીની બોટલ પણ ફેંકી હતી. જેને લઈને વાતાવરણ ગરમાય ગયું હતું.

સોમવારે પ્રમુખ હસમુખભાઈ પટેલના અધ્યક્ષસ્થાને આ બેઠક યોજાઈ હતી. બેઠકની શરૂઆતમાં જ દેવર્ષિ જોશી અને અજય અદ્વર્યુએ સભાનો વિરોધ કરતાં મામલો તંગ બન્યો હતો. દલીલો અને ઉગ્ર બોલાચાલી



વચ્ચે દેવર્ષિ જોશી ઠરાવ બુક સહિતના અગત્યના દસ્તાવેજો લઈને ત્યાંથી નીકળી ગયા હતા. ઉપપ્રમુખ અને ટ્રસ્ટીના આ વર્તન બાદ, હાજર રહેલા ૧૧ સભ્યોએ તેમને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લીધો હતો. આ ઘટના અંગે પ્રમુખ હસમુખભાઈ પટેલ અને મંત્રીએ બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપી કાયદેસરની કાર્યવાહીની માંગ કરી છે.

હાલ, પોલીસ દ્વારા આ સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી છે. સમગ્ર ઘટનાને લઈને બારડોલી તાલુકાની શૈક્ષણિક સંસ્થાઓમાં આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો હતો. નગરની એક નામાંકિત શાળાના સંસ્ચાલકો વચ્ચે થયેલી ગરમાગરમી અને વાત પોલીસ ફરિયાદ સુધી પહોંચવાને લઇ આ મુદ્દે વાલીઓમાં પણ વિવિધ ચર્ચા શરૂ થઇ ગઇ હતી. અને આ મુદ્દો બારડોલી નગરમાં પણ ચર્ચાનો વિષય બન્યો હતો.

## માંડવી વરેઠ ગામના પૌરાણિક શ્રી રામેશ્વર મહાદેવ ના મંદિરે શ્રાવણ માસના સોમવારે દર્શનાર્થીઓ મોટી સંખ્યામાં ઉમટી પડે છે




**માંડવી- દક્ષેશ પટેલ, રિપોર્ટર-** આ પૌરાણિક રામેશ્વર મહાદેવ દાદાના મંદિરે શિવભક્તો તરફથી ૩૧ વર્ષથી ભંડારા નું સુંદર આયોજન કરવામાં આવે છે. સુરત જિલ્લાના માંડવી તાલુકાના વરેઠ ગામે વર્ષો પુરાણા શ્રી રામેશ્વર મહાદેવ નું શ્રદ્ધા અને આસ્થા નુંમંદિર આવેલ છે. જયાં શ્રાવણ માસના સોમવારે દૂર દૂર ના ગામેથી કાવડિયાઓ તાપી મૈયાનું નિર્મળ નિર્ ભરીને હર..હર..મહાદેવના નારા સાથે પગપાળા આવી. રામેશ્વર દાદા ને પાણી તથા દુધ નો અભિષેક કરી પૂજા અર્ચના કરી ધન્યતા અનુભવે છે. અને રામેશ્વર થી તાપી મૈયા નું નિર્મળ નિર્ ભરીને નગરના મંદિરોમાં પાણીનો અભિષેક કરે છે. સૂર્યપુત્રી તાપી મૈયા ના રમણીય તટે આ રામેશ્વર મંદિર આવેલ છે. આ મંદિરનો ઉલ્લેખ તાપીપુરાણમાં કરવામાં આવેલ છે.

જેમાં શ્રી ભગવાન રામે આ રામેશ્વર મંદિરમાં શિવલિંગનો સ્વયંભુ સ્થાપના કરેલ છે, અને આ પવિત્ર તાપી મૈયા ના સમરણ માત્રથી પાપોનો નાશ થાય છે અને આ તાપી મૈયા ને પાપનાશીની પણ કહેવામાં આવે છે. જેથી ખૂબ જ મોટી સંખ્યામાં ધર્મપ્રેમી ભાઈઓ શિવ ભક્તો ઉમટી પડી દર્શનનો લ્હાવો લે છે. આ રામેશ્વર મંદિરે શિવ ભક્તો તરફથી છેલ્લા ૩૧ વર્ષથી ભંડારા નું આયોજન કરવામાં આવે છે. જેમાં કેળા, સફરજન અને ચા ની પ્રસાદી તમામ ભાઈ ભક્તોને વિનામૂલ્યે આપવામાં આવે છે ભક્તો તેનો લાહવો લઈ ધન્યતા અનુભવે છે.

## માંડવી જુની પોલીસ લાઈન ખાતે શ્રી સાંઈ દીપ મંદિર નો ૨૫ મો પાટોત્સવ ઉજવાશે

### જે નિમિત્તે દીપકભાઈ વરસાડે દ્વારા આંબાપારડી ની બહેનો તથા અન્ય બહેનોને ૮૦ સાડીઓ વિનામૂલ્યે વિતરણ કરાઈ






**માંડવી- દક્ષેશ પટેલ, રિપોર્ટર-** માંડવી નગરમાં આવેલ જૂની પોલીસ લાઇન ખાતે સાઈ દીપ મંદિરે ૨૫ મો પાટોત્સવ તારીખ ૧૭/૮/૨૦૨૫ ના રોજ ઉજવાશે. જે નિમિત્તે મંદિરના પૂજારી દિપકભાઈ વરસાડે દ્વારા આંબા પારડીની બહેનો શકુંતલાબેન ચૌધરી તથા તારાબેન ચૌધરી તેમજ અન્ય બહેનોને ૧૦૦ જેટલીસાડીઓ શોભાયાત્રામાં પહેરવા માટે આજરોજ વિનામૂલ્ય અર્પણ કરવામાં આવી હતી.

જેમાં પાવન પ્રસંગો ૧૭/૮/૨૦૨૫ ના રોજ સવારે ૭:૦૦ કલાકે ગુજરાતના તેમજ ૧૦ કલાકે મંદિરથી શોભા યાત્રા આખા નગરમાં બેન્ડવાજા ના સથવારે ફેરવવામાં આવશે. તેમજ બપોરે ૧૨:૧૫ કલાકે મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવેલ છે જેથી માંડવી તાલુકા તથા નગરના ધર્મપ્રેમી ભાઈઓ બહેનોએ મોટી સંખ્યામાં લાભ લેવા વિનંતી.

### માંડવી બસ સ્ટેન્ડ ખાતે

## મંત્રી કુંવરજીભાઈ હળપતિ ના અધ્યક્ષ સ્થાને નવી ફાળવવામાં આવેલ અમદાવાદની એસટી બસને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું



**માંડવી- દક્ષેશ પટેલ, રિપોર્ટર-** આજ રોજ માનનીય મંત્રીશ્રી કુંવરજી હળપતિ ના અધ્યક્ષ સ્થાને નવી ફાળવવામાં આવેલ બસને પ્રસ્થાન કરાવ્યું. નવી ફાળવવામાં આવેલ એસટી બસ માંડવી-અમદાવાદને મંત્રી કુવરજીભાઈ હળપતિ ના હસ્તેલીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરવામાં આવ્યું હતું જેમાં એસટી ડેપોના મેનેજર રોશનીબેન ગાંધી તેમજ તેમનો સ્ટાફ તથા કાર્યકર મિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## મહાકાય અજગર પકડાયોઃ માણેકપોરથી ૮ ફૂટ લાંબો, 30 કિલો વજની અજગર પકડાયો

બારડોલી- બારડોલી તાલુકાના માણેકપોર ગામની સીમમાં સિદ્ધેશ્વર મંદિર પાસે આઠ ફૂટ લાંબો અંદાજિત 30 કિલો વજન ધરાવતો અજગર નજરે પડ્યો હતો. સાપ પકડતા યુવાનો અને ગ્રામજનો દ્વારા અજગરને સાવચેતીપૂર્વક પકડી લઈ તેને બારડોલી વન વિભાગને સોંપી દેવામાં આવ્યો હતો. માણેકપોરમાં અજગરના આગમનને લઇ ભયનો માહોલ સર્જાયો હતો.




## કેદારેશ્વર મહાદેવ મંદિર ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું





બારડોલી- પીપલ્સ ફોર પોલીસ ફાઉન્ડેશનના ભારત રાષ્ટ્રના અધ્યક્ષ શ્રી જીતેન પટેલના માર્ગદર્શન હેઠળ બારડોલી તાલુકાના પ્રમુખ શ્રી દેવાંગ દેસાઈ દ્વારા કેદારેશ્વર મહાદેવ મંદિર ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આપણા દેશમાં દાન-પુણ્યનો ઘણો મહિમા છે. જરૂરિયાતમંદ લોકો માટે દાતાઓ છૂટે હાથે ધનદાન, વસ્ત્રદાન અને અન્નદાન કરે છે. આ દાનોની જેમ રક્તદાન પણ પુણ્યનું કામ છે. ઉપરાંત તે આપણી સામાજિક જવાબદારી પણ છે. આપણે આપેલા રક્તથી કોઈનું જીવન બચી શકે છે. તેથી જ રક્તદાન એ ખરેખર મહાદાન છે. જે હેતુ સર પીપલ્સ ફોર પોલીસ ફાઉન્ડેશન બારડોલી દ્વારા બારડોલી સરદાર હોસ્પીટલના સહયોગ થી બારડોલી તાલુકા ના કેદારેશ્વર મહાદેવ મંદિર ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦ યુનિટ રક્ત એકત્ર કરવાનો નિર્ધાર આયોજકો દ્વારા કરવામાં આવ્યો હતો.

## પ્રોજેક્ટ ફોર્ચ્યુન સુપોષણ- હેઠળ ઉમરપાડા તાલુકામાં વિશ્વ સ્તનપાન સપ્તાહ ૨૦૨૫ ઉજવાયો

**માંડવી- દક્ષેશ પટેલ, રિપોર્ટર-** ઓગસ્ટના પ્રથમ સપ્તાહમાં દરમિયાન અદાણી ફાઉન્ડેશન સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં 'પ્રોજેક્ટ ફોર્ચ્યુન સુપોષણ' હેઠળ વિશ્વ સ્તનપાન સપ્તાહ-૨૦૨૫ ની ઉજવણી અદાણી ફાઉન્ડેશન અને મહિલા બાળ વિકાસ વિભાગ સાથે મળીને ઉમરપાડા તાલુકાના ૬૮ ગામોમાં ઉત્સાહભેર કરવામાં આવી હતી




આ ઉજવણી દરમિયાન આંગણવાડી કર્મચારીઓ, આશા કાર્યકરો અને સુપોષણ સંગિનીઓની સહભાગિતાથી ગામ સ્તરે માતાઓ માટે જાગૃતતા અભિયાન ચલાવવામાં આવ્યું હતું. બાળકને પ્રથમ છ માસ સુધી માત્ર સ્તનપાનના મહત્વ વિશે માહિતગાર કરવા માટે રેલી, પોષણ પ્રવચન, આરોગ્ય ચર્ચા, પરિવાર કાઉન્સેલિંગ, અને હેલ્ધી બેબી સ્પર્ધા જેવી પ્રવૃતિઓ યોજાઈ હતી જેમાં ગ્રામીણ આદિવાસી માતાઓ સામેલ થઈ હતી.

સુપોષણ સંગિની બહેનો દ્વારા માતાઓને સ્તનપાનના ફાયદા તથા પૂરક આહાર વિશે પૂરતી સમજ આપી અને માતા-શિશુના સ્વાસ્થ્ય માટે સમર્પિત દૃષ્ટિકોણ વિકસાવવા માટે પ્રેરણા આપવામાં આવી. આ ઉજવણીનો મુખ્ય હેતુ સ્તનપાન વિશે ગ્રામ્ય વિસ્તારમાં જાગૃતિ લાવવી અને 'સ્તનપાન જીવનદાયી પ્રથમ પોષણ' સંદેશને દરેક માતા સુધી પહોચાડવાનો રહ્યો છે.

### હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા

## વંદે માતરમ, ભારત માતાની જયના નારા સાથે દેશભકિતમય માહોલ સર્જાયો

સુરતઃ ૭૯ માં સ્વાતંત્ર્ય સપ્તાહ અંતર્ગત હર ઘર તિરંગા હર ઘર સ્વચ્છતાઃ સ્વતંત્રતા કા ઉત્સવ, સ્વચ્છતા કે સંગની થીમ પર વન અને પર્યાવરણ રાજય મંત્રી મુકેશભાઈ પટેલની આગેવાની હેઠળ ઓલપાડ તાલુકા મથકે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી. વંદે માતરમ, ભારત માતાની જય ના નારા સાથે દેશ ભકિતમય માહોલ વચ્ચે તિરંગા યાત્રા ઓલપાડ બજારથી ઓલપાડ તાલુકા પંચાયત સુધી યોજાઈ હતી.





આ પ્રસંગે રાજયમંત્રી જણાવ્યું હતું કે, લોકોમાં રાષ્ટ્રપ્રેમની ભાવના જાગે એ હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર દેશમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ઓલપાડ ખાતે તાલુકા કક્ષાની તિરંગા યાત્રા દરમિયાન પ્રજાજનો અને પોલીસ જવાનોના જોડાણ સાથે વંદે માતરમના નારા સાથે સમગ્ર ઓલપાડ નગર દેશભક્તિમય બન્યું છે. આ અવસરે મંત્રીએ શહિદ જવાનોને યાદ કરીને ઓપરેશન સિંદુરની સફળતાની વિગતો આપી હતી. આ તકે મંત્રીશ્રીએ ઓલપાડ તાલુકાના સૌ ગ્રામવાસીઓને પોતાના ઘર પર તિરંગો લહેરાવવાની અપીલ કરી હતી.

કાર્યક્રમના અંતે મંત્રીએ એક પેડ મા કે નામ હેઠળ વૃક્ષારોપણ કર્યું હતું. દેશ ભકિતના ગીત સાથે ઉમ્રાભેર નીકળેલી યાત્રામાં તા.પંચાયત પ્રમુખ નિતાબેન પટેલ, તા.પં. ઉપપ્રમુખ કિરણભાઇ પટેલ, કારોબારી અધ્યક્ષ જયેશભાઇ પટેલ, તાલુકા વિકાસ અધિકારી, અગ્રણીઓ કુલદીપ ઠાકોર, અગ્રણી સુનિલભાઈ, રાજભાઇ, જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યો, વિવિધ ગામોના સરપંચો, પોલીસ જવાનો, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

### એઆઈ ટેકનોલોજીમાં સર્વોપરિતા સ્થાપવા ચીન અને અમેરિકા વચ્ચે જોવાતી સ્પર્ધા

વિજ્ઞાન, ટેકનોલોજી તથા શસ્ત્રોની બાબતમાં એકબીજાથી ચડિયાતા હોવાનું પૂરવાર કરવા ચીન અને અમેરિકા બન્ને દ્વારા સતત પ્રયાસો થતા રહે છે ત્યારે હવે વિશ્વના આ બે મોટા અર્થતંત્રો વચ્ચે આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રમાં પોતાની સર્વોપરિતા ઊભી કરવા હોડ જામી હોવાનું તાજેતરના અહેવાલો પરથી કહી શકાય એમ છે. નવી ટેક્નોલોજીમાં પોતાની શ્રેષ્ઠતા સાબિત કરવા બન્ને મહાસત્તાઓ વચ્ચે હાલમાં એક રીતે સ્પર્ધા ચાલી રહી છે ત્યારે છેવટે ચતુરાઈ અને બુદ્ધિમત્તાનું સ્તર જ એઆઈમાં ખરું સુપરપાવર કોણ છે તે સાબિત કરશે. ગયા મહિનાના અંતિમ સપ્તાહમાં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાનો નવો એઆઈ એક્શન પ્લાન જાહેર કર્યો હતો. ૨૫થી વધુ જેટલા પાનામાં સમાવી લેવાયેલા આ પ્લાનમાં અમેરિકાની એઆઈ ટેક્નોલોજીના વૈશ્વિક વેચાણમાં વધારો, ડેટા સેન્ટર્સના બાંધકામમાં ઝડપ લાવવા તથા એઆઈના વિકાસમાં અવરોધરૂપ બનતી અમલદારશાહી દૂર કરવા સંબંધે ભલામણો કરવામાં આવી છે. અગાઉ અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ બાઈડનની સરકારે એઆઈ સંદર્ભમાં મુખ્યત્વે ત્રણ નીતિઓ પર ભાર આપ્યો હતો. એક તો મોડેલના વિકાસમાં ચીનથી આગળ રહેવાનું, દેશભરમાં એઆઈના સ્વીકારને પ્રોત્સાહન આપવાનું તથા એઆઈને કારણે ઊભા થતા જોખમો દૂર કરવાની નીતિનો આમાં સમાવેશ થતો હતો. ટ્રમ્પ વહીવટીતંત્ર આ નીતિઓને જાળવી રાખીને એઆઈના વિકાસમાં આગળ વધી રહ્યું છે. જો કે એઆઈના ઝડપી સ્વીકાર માટે ટ્રમ્પ સરકાર વધુ જોખમો ઉઠાવવા તૈયાર છે. સાથોસાથ ચીનને હંફાવવા મજબૂત ક્ષમતા ઊભી કરવાનો પણ ટ્રમ્પ વહીવટીતંત્ર ધ્યેય ધરાવે છે. બીજી બાજુ પોતાના એઆઈ ક્ષેત્રને મજબૂત બનાવવા ચીનનો અભિગમ અન્યોને સાથે લઈને ચાલવાનો હોવાનું જણાય છે. ટ્રમ્પના એઆઈ વ્યૂહની નોંધ લઈને ચીનના સત્તાવાળાઓએ જુલાઈના અંતિમ સપ્તાહમાં જણાવ્યું હતું કે એઆઈના સંયુક્ત વહીવટ પર આંતરરાષ્ટ્રીય સમુદાયે વ્યાપક ભાર આપવો જોઈએ. આ માટે તેમણે વૈશ્વિક માળખા તથા નિયમોની રચના કરવા સૂચન કર્યું છે જે એઆઈના વિકાસ તથા ઉપયોગમાં બધાના મતને આવરી લેતા હોય. અમેરિકાના વિકલ્પ તરીકે પોતાની છાપ ઊભી કરવા ચીને વૈશ્વિક સ્તરની એઆઈ સહકાર સંસ્થાની રચના માટે પણ સૂચન કર્યું છે. એઆઈ ટેક્નોલોજીના વિકાસમાં થતા અનુભવોની વિશ્વના દેશો એકબીજાને આપલે કરે તેવી પણ ચીન ઈચ્છા ધરાવે છે.

ચીન તથા અમેરિકા વચ્ચેની આ એઆઈ સ્પર્ધામાં ખરા વિજેતા તો અમેરિકાની ટેક કંપનીઓ જ રહેશે પરંતુ અમેરિકા ફર્સ્ટની ટ્રમ્પની નીતિ સ્થાનિક ટેક કંપનીઓ માટે અવરોધરૂપ બની શકે છે તેમ નિષ્ણાતોનો મત રહ્યાનું એક અહેવાલમાં નોંધવામાં આવ્યું હતું. કારણ કે ટેક કંપનીઓ સામે અમેરિકન સ્કીલ્ડ વર્કફોર્સ મેળવવાનું પડકારરૂપ રહે છે. પોતાના એઆઈ એક્શન પ્લાનને આગળ ધપાવવા ટ્રમ્પ અન્ય દેશો પર દબાણ કરે તો નવાઈ નહીં ગણાય. એઆઈના આગમને ટેક્નોલોજી ક્ષેત્રમાં નવી ક્રાંતિના મંડાણ કર્યા છે અને તેના પરિણામ શું હશે તેની હજુ કોઈને કલ્પના નથી. એઆઈ ટેક્નોલોજીના વિકાસમાં અમેરિકામાં ઘણી વહેલી શરૂઆત થઈ હતી આમછતાં, ચીને ભલે આ ક્ષેત્રે મોડેથી ઝંપલાવ્યું હોય પરંતુ તે હવે અમેરિકા સાથે કદમ મિલાવી રહ્યું છે. એઆઈ ક્ષેત્રે ઈજારાશાહી સામે ચીને ચેતવણી ઉચ્ચારી છે. સૂચિત ઈજારાશાહીને રોકવા વર્લ્ડ એઆઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન તરીકે ઓળખતા નવા જુથની રચના આવી પડી છે.જો કે આ જૂથ વિશે ચીન હજુ સ્પષ્ટ રીતે વાત કરતું નથી. આ જુથનો મુખ્ય હેતુ એઆઈ ક્ષેત્રે કોઈ પણ દેશની ઈજારાશાહી ઊભી ન થાય તે જોવાનો છે. સાનુકૂળ નિયમો હાર્ડવેર તથા સેવાઓ વેચવામાં ચીનની કંપનીઓને અમેરિકાની કંપનીઓની સરખામણીએ વધુ ફાવટ પૂરી પાડશે. એઆઈનો વૈશ્વિક સ્તરે વહીવટના મુદ્દે વિશ્વના બે મોટા પાવરહાઉસ ચીન અને અમેરિકા સામસામે આવી ગયાનું જણાય છે. બન્ને દેશો નવી ઊભરતી ટેક્નોલોજીને પોતાના અર્થતંત્રના વિકાસ ઉપરાંત રાષ્ટ્રીય સુરક્ષા માટે પણ મહત્વની માની રહ્યા છે. એઆઈમાં આગેવાની લેવા પોતાનો દેશ તેનાથી થતું હશે તે બધુ કરશે એમ ટ્રમ્પે તાજેતરમાં જાહેર કર્યું હતું. આંતરરાષ્ટ્રીય વહીવટી સંસ્થાઓમાં ચીનના પ્રભુત્વનો સામનો કરવા પણ અમેરિકા તૈયારી કરી રહ્યું છે. ભારતની વાત કરીએ તો આપણે એઆઈ ટેક્નોલોજીના સ્વીકારમાં આગળ વધી રહ્યા છીએ પરંતુ વિશ્વ પર પ્રભાવ પાડી શકાય તેવી એઆઈ ટેક્નોલોજી હજુ આપણે વિકસાવી શક્યા નથી. જીપીટી-૪ અથવા જેમીની જેવા પોતાના એઆઈ મોડેલનો ભારતમાં અભાવ છે.


ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે

• ૫-સિટર • ૭-સિટર •





સંપર્ક- અનિલભાઈ મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431

બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત


# રીબડામાં પેટ્રોલ પંપ પર ફાયરિંગ કરાવનાર હાર્દિક સિંહ જાડેજા કેરળથી ઝડપાયો

## આરોપી હાર્દિક સિંહ જાડેજા સામે હત્યા સહિત ૧૦ ગુના નોધાયેલા છે



ચારેય વ્યક્તિની ઉત્તર પ્રદેશથી ધરપકડ કરી હતી



હાદિકસિંહ જાડેજા

રાજકોટ- ૨૪ જુલાઈની રાત્રે લગભગ ૧ વાગ્યાની આસપાસ ગોંડલના રીબડા ગામે આવેલા અનિરુદ્ધસિંહ જાડેજાના 'રીબડા પેટ્રોલિયમ' પર બે અજાણ્યા બુકાનીધારી શખસે ફાયરિંગ કરતાં સનસનાટી મચી ગઈ હતી. આ સમગ્ર ઘટના ઈઈઝટમાં કેદ થઈ હતી. આ કેસમાં સ્ટેટ મોનિટરિંગ સેલે ૧૧ ઓગસ્ટના રોજ કુખ્યાત હાદિકસિંહ જાડેજાને કેરળથી ઝડપી પાડયો છે.

ઉલ્લેખનીય છે કે, ૧ ઓગસ્ટના રોજ રાજકોટ રૂરલ કઈઇની ટીમે બે સગાભાઈ સહિત ફાયરિંગ કરનારી ૪ વ્યક્તિને ઉત્તરપ્રદેશાથી ઝડપી પાડી હતી. જેમાં ઇરફાન ઉર્ફે સીપા મોહમ્મદ રઇસ કુરેશી (ઉં.વ.૩૨), અભિષેક કુમાર પવનકુમાર જિંદલ/અગ્રવાલ (ઉં.વ.૨૮), પ્રાન્સુકુમાર પવનકુમાર જિંદલ/અગ્રવાલ (ઉં.વ.૨૯) અને

વિપિનકુ માર વિરેન્દ્રસિંહ જાટ(ઉં.વ.૨૬)નો સમાવેશ થાય છે. ઇરફાન પર અમદાવાદમાં ૪ પાસા સહિત ૨૭ ગુના નોંધાયેલા છે.

પ્રાથમિક પૂછપરછમાં હાદિકસિંહ જાડેજાના કહેવાથી ફાયરિંગ કર્યું હોવાની આરોપીઓએ કબૂલાત આપી હતી. આ શખસોએ હાદિકસિંહ જાડેજા સાથે મિત્રતા હોવાથી ફાયરિંગ કર્યું હોવાનું જણાવ્યું હતું. વિપિન કુમાર જાટને ૫ લાખમાં સોપારી આપી હતી. ફાયરિંગ કર્યા બાદ બંને શખસ બસ અને ટ્રેન મારફત ઉત્તરપ્રદેશ પહોંચ્યા હતા. જ્યારે ફાયરિંગ કરાવનાર આરોપી હાદિકસિંહ હરદેવસિંહ જાડેજા ફરાર હતો, જેને સ્ટેટ મોનિટરિંગ સેલે આજે પકડી પાડયો છે.

રૂ.૪૦૦૦ની લેતીદેતીમાં જુલાઈ ૨૦૨૨ દરમિયાન હાદિકસિંહ જાડેજાએ લાદ દીપ લાઠિયા સાથે મળી મૌલિક ઉર્ફે ભોલો ચંદુભાઈ કાકડિયા નામના યુવક પર હુમલો કર્યો હતો. આ જીવલેણ હુમલામાં ભોગ બનનારનું સારવાર દરમિયાન મોત થયું હતું અને બનાવ હત્યામાં પલટાયો હતો.

રાજકોટ શહેરના મવડી વિસ્તારમાં આવેલા બાપા સીતારામ ચોક નજીક રિયલ પ્રાઇમ એપાર્ટમેન્ટ બી વિંગ ફ્લેટ નંબર ૩૦૪માં રહેતા મૌલિક ઉર્ફે ભોલો ચંદુભાઈ કાકડિયા(ઉં.વ.૩૩) નામના યુવાન પર જુલાઈ ૨૦૨૨ સમી સાંજના અક્ષર માર્ગ પાસે શિવ પાન નજીક હાદિકસિંહ જાડેજા તથા દીપ લાઠિયા નામના શખસે ઝઘડો કરી છરી વડે હુમલો કર્યો હતો.

જેમાં યુવાનને પડખાના ભાગે, હાથના ભાગે મળી કુલ છરીના ત્રણ જેટલા ઘા ઝીંકી દીધા હતા. દરમિયાન યુવાનને બચાવવા વચ્ચે પડેલા તેના મિત્ર દિવ્યેશને પણ આરોપીઓએ મારમાર્યો હતો. યુવાનને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો, જોકે યુવાનનું ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

મૌલિક ઉર્ફે ભોલો મિત્ર દિવ્યેશ સાથે બાઈક પર જઈ રહ્યો હતો. દરમિયાન હાદિકસિંહ જાડેજાનો ફોન આવ્યો હતો અને તેણે યુવાનને અક્ષર માર્ગ પાસે શિવ પાન પાસે બોલાવ્યો હતો. મૌલિક ઉર્ફે ભોલાને હાદિકસિંહ પાસેથી રૂ.૪૦૦૦ લેવાના હોય આ બાબતે તેણે તેને બોલાવ્યો હતો, જેમાં યુવાન અને તેનો મિત્ર અહીં આવ્યા બાદ થોડીવારમાં હાદિકસિંહ અને દીપ લાઠિયા આવ્યા હતા. આ બંનેએ પૈસા બાબતે યુવાન સાથે બોલાચાલી શરૂ કરી દીધી હતી. ત્યાર બાદ ઉશ્કેરાઈ હાદિકસિંહે છરી કાઢી યુવક પર જીવલેણ હુમલો કર્યો હતો.

## બિલ પાસ કરવા લાંચ માગનાર નાયબ કાર્યપાલક ઈજનેર ઝડપાયો

### કોન્ટ્રાક્ટરના ૫.૭૪ લાખના બિલ માટે ૫૭,૫૦૦ ની માંગણી, ACB એ સુરતથી કર્યો ધરપકડ



તાપી (વ્યારા)- તાપી જિલ્લાના ઉકાઈ યાંત્રિક પેટા વિભાગના તત્કાલીન નાયબ કાર્યપાલક ઈજનેર રવિન્દ્ર ઈશ્વરભાઈ પટેલની અઈઇએ લાંચ કેસમાં ધરપકડ કરી છે.

વર્ષ ૨૦૨૧ માં રવિન્દ્ર પટેલે એક કોન્ટ્રાક્ટરના ૫,૭૪,૯૫૦ રૂપિયાનું બિલ પાસ કરવા માટે ૧૦ ટકા લેખે ૫૭,૫૦૦ રૂપિયાની લાંચની માગણી કરી હતી. કોન્ટ્રાક્ટરે ૧૦,૦૦૦ રૂપિયા આપ્યા અને ૨૦,૦૦૦ રૂપિયા આપવાનું વચન આપ્યું હતું. ત્યારબાદ ઈજનેર વારંવાર લાંચની માગણી કરતા કોન્ટ્રાક્ટરે અઈઇમાં ફરિયાદ નોંધાવી હતી. ACB એ ગોઠવેલું છટકું નિષ્ફળ ગયું હતું. જોકે, વોઈસ રેકોર્ડિંગ સહિતના પુરાવા FSL તપાસમાં સકારાત્મક આવ્યા હતા. રવિન્દ્ર પટેલ ૨૦૦૩ થી સરકારી નોકરીમાં છે અને ૧.૪૨ લાખનો માસિક પગાર મેળવે છે. ૨૦૨૨ માં તેમને નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે બઢતી મળી હતી. હાલમાં તેઓ સિંચાઈ પેટા વિભાગ સુરત ખાતે ફરજ બજાવતા હતા, જ્યાંથી તેમની ધરપકડ કરવામાં આવી છે. આ મામલે તાપી અઈઇ પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે.

**રવિન્દ્ર પટેલ ૨૦૦૩ થી સરકારી નોકરીમાં છે અને ૧.૪૨ લાખનો માસિક પગાર મેળવે છે. ૨૦૨૨ માં તેમને નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે બઢતી મળી હતી.**

## માંડવી પોસ્ટ ઓફિસમાં સર્વર ડાઉન રહેતા પ્રજાજનોને ભારે હાલાકી



માંડવી- માંડવી તાલુકાની હેડ ઓફિસ ખાતે છેલ્લા ઘણા દિવસોથી ટેકનિકલ ખામીના લીધે તમામ સુવિધાઓ યોગ્ય રીતે કામ ન કરતા કર્મચારીઓ તથા ગ્રાહકો બંને જાણે લાચાર બની રહ્યા છે. માંડવી પોસ્ટ ઓફિસમાં છેલ્લા ઘણા દિવસથી સર્વર ડાઉન રહેતા તમામ પ્રકારની કામગીરીઓ ખોરંભે ચડી રહી છે. વારંવારની સમસ્યાથી ગ્રાહકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે અને ગામડેથી આવતા તથા નગરના ગ્રાહકોને પણ વારંવારના ધક્કા ખાવા પડી રહ્યા છે.

વારંવાર ધક્કા ખાધા પછી પણ પોતાના કામ પૂર્ણ કરી શકતા નથી અને પોતાના સામાજિક તથા વ્યવહારિક કામોમાં પણ અડચણ ઊભી થવા લાગી છે. કેન્દ્ર સરકાર એક બાજુ પોસ્ટ ઓફિસોનું ભારણ વધારતી જાય છે અને પ્રજામાં પોસ્ટ વિભાગ પ્રત્યે વિશ્વાસ પેદા કરવાના પ્રયત્નો થતા રહ્યા છે.

જ્યારે બીજી બાજુ પોસ્ટ ઓફિસનો ઓનલાઈન વહીવટ વારંવાર ખોરંભે જતા પ્રજાજનોમાં પોસ્ટ ઓફિસના વહીવટ પ્રત્યે દિન પ્રતિદિન વિશ્વાસ ઘટતો રહ્યો છે ત્યારે પોસ્ટ વિભાગની ઉચ્ચ કચેરી અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ અંગે નક્કર પગલા લેવામાં આવે એવી લોક માગ ઉઠી છે. પોસ્ટ ઓફિસનું સર્વર ડાઉન રહેતા પ્રજાજનોને તો તકલીફ પડી જ રહી છે પરંતુ આ ખામીના લીધે વિભાગીય કામોના પણ જાણે ખડકલા થઈ ગયા છે જેના લીધે લોકોના જે વિભાગના અગત્યના કામો પણ અટવાઈ રહ્યા છે.

પોસ્ટ ઓફિસના ઓનલાઇન વહીવટમાં કરાતા અપગ્રેડના કારણે આ સમસ્યાઓ ઊભી થતી રહે છે ઉપલી કચેરીએ આ અંગે વારંવાર રજૂઆતો કરવામાં આવે છે. લક્ષ્મણભાઈ ચૌધરી, માંડવી પોસ્ટ ઓફિસ પોસ્ટ ઓફિસમાં આવેલા વરિષ્ઠ નાગરિકે જણાવ્યું હતું કે વારંવારના આ ધાંધિયાના કારણે કોર્ટના કામમાં પણ અડચણ આવી રહી છે બીજી બાજુ ઓનલાઇન રવાનગી બતાવવામાં આવે છે અને ગ્રાહક સુધી ટપાલ પહોંચતી જ નથી.

## ડોલવણ ચાર રસ્તાથી માછીસાદડાને જોડતો રસ્તો જર્જરિત સાથે મોટા ખાડા



બુહારી- તાપી જિલ્લાના ડોલવણ તાલુકાના મુખ્ય મથકેથી મહુવા તાલુકાના માછીસાદડા ગામને જોડતો માર્ગ પર જાહેર માર્ગ પરના ખાડા પર બાઈક સ્લીપ થવાના બનાવો બની રહ્યા છે જેને પગલે સ્થાનિક લોકોમાં રોષ ફેલાયો છે.

પ્રજાની સુખાકારી માટે સરકાર દ્વારા લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે પરંતુ સંબંધિત તંત્રની બેદરકારીને કારણે સરકારી નાણાં વેડફાઈ રહ્યા હોય તેવું પ્રતીત થાય છે. ડોલવણ તાલુકાના મુખ્ય મથકે ચાર રસ્તાથી મહુવા તાલુકાનો રસ્તો ડોલવણ ચારરસ્તા અને માછીસાદડાને જોડતો રસ્તો છે. સુભાષભાઈ ગુરજીભાઈ પટેલના ઘર પાસે ગરનાળા ઘણાં સમયથી જર્જરિત હાલતમાં આવી ગયું છે.

આ અતિ આવશ્યક અને ઉપયોગી માગે ઉપર ઠેર ઠેર જર્જરિત હાલતમાં આવી જતાં સ્થાનિક લોકોએ ભારે તકલીફનો સામનો કરવો પડે છે. ડોલવણ મહુવા નવસારી જિલ્લાને જોડતો હોવાથી વાહનોની અવરજવર રહે છે અને દિવસ રાત ટ્રાફિકથી ધમધમતો રહે છે. આ માગે ઠેર ઠેર ગાબડાં પડી ગયા છે. જેને પગલે રાત્રિના સમયે અવરજવર કરતાં લોકોએ હાલાકી વેઠવી પડે છે.

રાત્રિના સમયે ખાડામા બાઈક સ્લીપ થવાના બનાવો બની રહ્યાં હતાં, જેને પગલે સ્થાનિક લોકોમાં આક્રોશ જોવા મળ્યો છે. સંબંધિત તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી ખાડા પુરાવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી લોકમાગ ઉઠી છે.

**ખાતર માટે રઝળપાટ**

## ખેડૂતોને એક તાલુકામાંથી બીજા તાલુકામાં ભટકવાની નોબત

### ૧ ગુણ યુરિયા ખાતર માટે ખેડૂતો છેક ૧૦૦ કિલોમીટર દૂરથી વાલોડ પહોંચ્યા



વાલોડ-તાપી જિલ્લામાં યુરિયા ખાતરની અછત હોવાથી ખેડૂતોને ખાતર લેવા માટે એક ગામથી બીજા ગામ, હવે એક તાલુકાથી બીજા હાલ તાલુકા આમ તેમ ભટકવું પડે છે, ખેડૂતોને ચોમાસામાં ખેતરોમાં ઊભા વિવિધ પાકો માટે યુરિયા ખાતરની ખૂબ જ જરૂર છે. મળતી માહિતી મુજબ ખાતરનું વેચાણ કરતા એગ્રો સેન્ટર પર કે મંડળીઓમાં આવતો જથ્થો જેટલો આવે છે, તેમાંથી અમુક જથ્થો સગેવગે થતા હોવાની પણ બૂમો પડે છે. લોકો લાંબો અંતર કાપી યુરિયા ખાતર માટે રઝળપાટ છે. સરકાર દ્વારા તાપી જિલ્લા માટે આપવામાં આવેલ યુરિયા ખાતરનો જથ્થો ક્યાં ગયો તે પ્રશ્નો ઊભો થયો છે.

**૨ ધક્કા ખાઈ માત્ર એક ગુણ યુરિયા ખાતર મળ્યું**

પિયુષભાઈ ગામીતે જણાવ્યું હતું કે વર્ષ દરમિયાન જે એગ્રો ઉપરથી દવા તથા બિયારણ લઈએ છીએ તો વાલોડ તાલુકાના ખેડૂતોને યુરિયા ખાતર મળવું જરૂરી હતું. પરંતુ અમને યુરિયા ખાતર ન મળી શક્યું, આજે આધાર કાર્ડ લઈ લીધા છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# શિવ પાર્થેશ્વર મહાદેવ તેમજ ૧૨ જયોર્તિલિંગ મહાદેવ પૂજન

તારીખ ૧૧/૦૮/૨૦૨૫ ને શ્રાવણ મહિના ના તૃતીય સોમવાર ના રોજ પૂજય શ્રી વિસામણબાપુની જગ્યામાં પરમ પૂજય શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબા પૂજય શ્રી ગાયત્રીબા, પૂજય શ્રી દીયાબા તેમજ ચુડા સ્ટેટ રાણીસાહેબ શ્રી હેમાંગીબા, લાઠી સ્ટેટ રાણીસાહેબ શ્રી ઉષાબા સાથે સૌ શ્રી વિહળ શક્તિ ગ્રુપ ના બહેનો મળી કુલ ૨૫૧ બહેનો એ પાર્થિવ શિવલિંગ બનાવ્યા હતા પ્રત્યેક બહેન દીઠ ૧૦૮ શિવલિંગ બનાવી ટોટલ ૨૭૧૦૮ ભગવાન શિવનાં પાર્થેશ્વર શિવલિંગ બનાવી.

ભગવાન શિવની આરાધના કરવામાં આવી ત્યારબાદ બ્રાહ્મણ દ્વારા વિધિવિધાન પૂજન સાથે સૌ એ ભોજન પ્રસાદ લઈ સાંજે વિધિવિધાન પૂજન કરી શિવલિંગ નું ગોમા નદીના જળ માં વિસર્જન કરવામાં આવ્યું.



## બારડોલી વિધાનસભામાં શક્તિકેન્દ્ર સંયોજકોનું પ્રશિક્ષણઃ

# લસાણાના સાંસ્કૃતિક ભવનમાં કાર્યક્રમ યોજાયો, સંગઠન મજબૂત બનાવવાનો ઉદ્દેશ્ય

**બારડોલી-** બારડોલી વિધાનસભા ક્ષેત્રના શક્તિકેન્દ્ર સંયોજકો માટે પ્રશિક્ષણ વર્ગ-૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ પલસાણા તાલુકાના એના ગામના સાંસ્કૃતિક ભવન હોલમાં યોજાયો હતો.

પ્રશિક્ષણમાં પલસાણા, ચોર્યાસી, બારડોલી તાલુકા, બારડોલી નગર અને કડોદરા નગરના શક્તિકેન્દ્રના સંયોજકો જોડાયા હતા. જિલ્લા પ્રમુખ ભરતભાઈ રાઠોડ અને મહામંત્રીઓ જીગરભાઈ નાયક, રાજેશભાઈ પટેલ તથા કિશનભાઈ પટેલે કાર્યક્રમમાં હાજરી આપી હતી. ધારાસભ્યો સંદીપભાઈ દેસાઈ અને ઈશ્વરભાઈ પરમાર પણ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રદેશના વક્તા કરસનભાઈ ગોડલીયાએ કાર્યક્રમમાં માર્ગદર્શન આપ્યું હતું. ભાવેશભાઈ પટેલ, મયુરિકાબેન જાદવ, આશિષભાઈ ઉપાધ્યાય અને રાકેશભાઈ ગાંધીએ સંગઠનાત્મક બાબતો અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

દરેક મંડળના પ્રમુખો, મહામંત્રીઓ, શક્તિકેન્દ્ર સંયોજકો અને પ્રબંધકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. આ પ્રશિક્ષણથી કાર્યકર્તાઓમાં નવી ઊર્જાનો સંચાર થયો હતો.







# બારડોલી અભયમ ટીમ દ્વારા 'વિશ્વ સ્તનપાન સપ્તાહ' ઉજવણી દરમ્યાન ૧૮૧ અભયમ મહીલા હેલ્પલાઇનની માહિતી આપી

**બારડોલી-** રાજય સહિત સુરત જિલ્લામાં દર વર્ષે તા ૧ થી ૭ ઓગષ્ટ દરમિયાન વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી વિવિધ થીમ આધારિત ICDS વિભાગ દ્વારા કરવામાં આવે છે.જેમાં સુરત જિલ્લાની તમામ આંગણવાડી કેન્દ્રો ખાતે સમગ્ર અઠવાડિયા દરમિયાન દીવાલ પર સૂત્રલેખન, સ્તનપાનને સમર્થન આપવા સામૂહિક પ્રતિજ્ઞા, પર્સનલ અને ટેલિફોનિક કાઉન્સલિંગ સહિતના કાર્યક્રમો દ્વારા પ્રસૂતા, ધાત્રી માતાઓ તેમજ તેમના પરિવારોને શિશુ તેમજ માતાના સ્વાસ્થ્ય માટે સ્તનપાનના ફાયદા અને મહત્વ સમજાવવામાં આવ્યા હતા.

વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી દરમ્યાન ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન વિશે માહિતગાર કરવા માટે સૂરત જિલ્લાની અલગ અલગ આંગણવાડી કેન્દ્રોના આંગણવાડી વર્કર અને હેલ્પર સાથે સંકલનમાં રહીને બારડોલી અભયમ ટીમના કાઉન્સેલર પટેલ ખૂશ્બૂ અને એ.એસ. આઈ ચૌધરી વનિતાબેન દ્વારા ૧૮૧ મહિલા હેલ્પલાઇનની માહિતી વધુમાં વધુ મહિલાઓ અને દીકરીઓ સુધી પહોંચી શકે તેવો પ્રયાસ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન વિશે માહિતી આપવામાં આવેલ તેમજ મહિલાઓએ પોતાની આત્મસુરક્ષા કેવી રીતે કરવી, સ્ત્રી સશક્તિકરણ કોને કહેવાય, મહિલાઓ સાથે થતી હિંસાઓ માટેના કાયદાઓ, મહિલાઓના હકકો, અધિકારો, સમાજમાં વધતા જતા દૂષણો તેમજ કૂરિવાજો, માન્યતાઓ, અંધશ્રધ્ધાઓનો સામનો કઈ રીતે થઈ શકે, એ ઉપરાંત સરકાર દ્વારા મહિલાઓ માટે સુરક્ષાની વ્યવસ્થાના ભાગરૂપે અન્ય સંસ્થાઓ, આશ્રયગૃહો, આર્થિક તેમજ આરોગ્યલક્ષી યોજનાઓ વિશે માહિતગાર કરવામાં આવેલા ત્યારે મહિલાને ભયમુક્ત બનાવવા માટે ગુજરાત રાજયમાં કોઈપણ જગ્યાએ મહિલાઓ પર ઘરેલુ હિંસા, છેડતી ટેલીફોનિક ટોકિંગ, જાતીય સતામણી જેવા અનેક બનાવોમાં મહિલાને તાત્કાલિક ૧૮૧ ટીમ મદદે પહોચે છે.

જો કોઈ મહિલાઓને તકલીફ પડે તો ૧૮૧ માં કોલ કરવાથી વિનામૂલ્યે સલાહ, સૂચન-માર્ગદર્શન,બચાવ-મદદ થઈ શકશે. ગુજરાત રાજયની બધી જ મહિલાઓ અને દીકરીઓ મુશ્કેલીના સમયે ડરીને નહીં પરંતુ હિમ્મત રાખીને ૧૮૧ નો ઉપયોગ કરે એવી બારડોલી ૧૮૧ ટીમ દ્વારા ઈચ્છા વ્યક્ત કરવામાં આવી. ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ટીમ મહિલાઓની મદદ માટે ૨૪X૭ કલાક કાર્યરત છે. તેમજ મહિલાઓની સુરક્ષા અને સલામતી માટે ડિજિટલ સ્વરૂપમાં લોન્ચ થયેલી ૧૮૧ મોબાઇલ એપ્લિકેશન ની માહિતી અંગે મહિલાઓને માહિતગાર કર્યા હતા.





### ૧૮૧ અભયમ એપની વિશેષતા શું છે

૧) ૧૮૧ અભયમ મોબાઇલ એપ્લિકેશન ની વિશેષતા છે કે, હિંસા, છેડતી, હેરાનગતિ જેવી મુસીબતની સ્થિતિમાં ત્વરિત સહાય અને સુરક્ષા મેળવવા મોબાઈલ એપ દ્વારા ૧૮૧ હેલ્પલાઈનનો સંપર્ક કરવાથી રેસ્ક્યુ વાન કે પોલીસની ટીમ ઝડપથી આપની મદદે આવશે.

૨) મહિલા ઘટના સ્થળ વિશે માહિતી આપી શકે તેમ ના હોય તો પેનીક બટન દબાવતા જ ઘટના સ્થળની માહિતી એપ દ્વારા હેલ્પલાઇન સેન્ટરને પહોચી જશે.

૩)મોબાઇલ શેકીંગ કરતા (જોરથી હલાવતા) પણ કોલ થઇ શકશે, જેથી કટોકટીના સમયમાં ફોન કર્યા વગર મદદ મળી શકે.

૪)એપ માં ૧૮૧ બટન દબાવતાની સાથે મુશ્કેલીની સ્થિતીમાં રહેલ મહિલાના પાંચ જેટલા સગાસબંધી કે મિત્રોને ઓટોમેટિક IOSથી સંદેશ મળી જશે.

૫)મહિલા ઘટના સ્થળના ફોટો અને વીડિયો પણ હેલ્પલાઈન સેન્ટર પર મોકલી શકશે.

૬)આ એપ એન્ડ્રોઈડ પ્લે સ્ટોર અને એપલ શઘજ બંને પ્લેટફોર્મ પર ઉપલબ્ધ છે.

# બારડોલી નાગરિક સહકારી બેકની ૫૧મી વાર્ષિક સભામાં તમામ એજન્ડાને મંજૂરી અપાઈ

## લાંબા સમયથી સેવા આપતા ડિરેક્ટરો કે જેમણે રિઝર્વ બેકના નવા નિયમ મુજબ સ્વૈચ્છિક રાજીનામા આપ્યા, તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું

બારડોલી- ધી બારડોલી નાગરિક સહકારી બેંકની ૫૧મી વાર્ષિક સામાન્ય સભા તાજેતરમાં બારડોલીના સિનિયર સિટીઝન હોલ ખાતે યોજાઈ હતી. આ સભામાં મોટી સંખ્યામાં સભાસદો અને અન્ય સહકારી સંસ્થાઓના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેંકના સીઇઓ ડો. પુષ્પકાંત પાંડેએ સભાના એજન્ડા મુજબના કામો રજૂ કર્યા હતા, જેને સભાસદોએ સર્વાનુમતે મંજૂર કર્યા હતા. બેંકે રૂ. ૩૧,૪૯૬ લાખની થાપણો અને રૂ. ૨૪,033 લાખનું ધિરાણ કરીને કુલ રૂ. ૩૬,૯૫૪ લાખનું કામકાજ હાંસલ કર્યું છે. છેલ્લા ૫૧ વર્ષમાં બેંકે બારડોલી, મઢી અને વ્યારામાં ૫ શાખાઓ અને ૧૮,૦૦૦ થી વધુ સભાસદો સાથે બેંકિંગ ક્ષેત્રે એક મોખરાનું સ્થાન જાળવી રાખ્યું

છે. ચેરમેન ગૌતમ વ્યાસે તેમના ૪૦ વર્ષના કાર્યકાળ બાદ આખરી વાર્ષિક સભાને સંબોધિત કરી હતી. તેમણે બેંકના તમામ માજી સુકાનીઓ અને સભાસદોના સહકાર અને વિશ્વાસ બદલ આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે બેંકે પારદર્શી વહીવટ દ્વારા અનેક ક્ષેત્રીય, રાજય અને રાષ્ટ્રીય પુરસ્કારો પ્રાપ્ત કર્યા છે. તેમણે એ પણ ભારપૂર્વક જણાવ્યું હતું કે ડિજિટલ બેંકિંગમાં બેંક પ્રગતિશીલ છે અને લોકોની થાપણો સુરક્ષિત છે.

રિઝર્વ બેંકના નવા નિયમ અનુસાર, ૧૦ વર્ષથી વધુ સમય સેવા આપતા ડિરેક્ટરો ભવિષ્યમાં ચૂંટણી લડી શકશે નહીં. આ નિયમના પાલનરૂપે, સુરેશ શાહ, હીરાચંદ શાહ, ધનસુખ મોદી, પ્રદીપ જોશી, સુભાષ પટેલ, મુકેશ પટેલ અને રાજેશ પટેલ સહિત ૧૦ ડિરેક્ટરોએ સ્વૈચ્છિક રાજીનામા આપ્યા હતા. બેંક માટેની તેમની નિસ્વાર્થ અને માનદ સેવા બદલ તેમનું સન્માન કરવામાં આવ્યું હતુ

વાર્ષિક સભા માં સાત જેટલા એજન્ડા ના કામો હાથ પર લેવામાં આવ્યાં હતાં. જેમાં પેટા કાયદા માં સુધારો કરવાનો પણ મહત્વપૂર્વ ઠરાવ હતો. એજન્ડા ના સાતે સાત તમામ કામો સર્વાનુમતે મંજુર કર્યા હતાં. સાથે જ વર્ષો થી બેન્ક માં સેવા આપનાર ડિરેક્ટરો નું સન્માન પણ કરવામાં આવ્યું હતું. સભાસદો ને પ્રધાનમંત્રી સુરક્ષા કવચ વીમો વધુ માં વધુ ઉતારવા બેંક ના પ્રમુખ ગૌતમભાઈ વ્યાસ આહવાન કર્યું હતું. જેને પણ બહાલી આપવામાં આવી હતી. જેમા આમંત્રિત સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેન્ક ના પ્રમુખ બળવંતભાઇ પટેલ તેમજ બારડોલી ની અન્ય સહકારી બેન્ક ના પ્રમુખો હાજર રહ્યા હતા.



જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..
આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો
સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો
http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્સ્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)- SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).